રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા વિભાગો અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંભવિત જગ્યાઓની ભરતી અંગે માર્ગદર્શન, જન જાગૃતિ અને અભિપ્રેરિત કરવા માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: તલમ-૧૪૨૦૧૬/૩૬૦/વસુતાપ્ર-૩
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૪/૦૫/૨૦૧૬

**આમુખ:-**

રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા વિભાગો અને તેના હેઠળની કચેરીઓમાં ખાલી પડેલ સંભવિત જગાઓ પર ભરતી કરવાની પ્રક્રિયા જે તે વિભાગો દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે. સંભવિત જગ્યાઓનું પત્રક આ સાથે એનેક્ષ્ચર : ૧ તરીકે સામેલ છે.

આ બાબતે રાજ્યના યુવાધનને રાજ્ય સરકારની ભરતી અંગેની અને તે ભરતી માટે લેવાનાર પરીક્ષાઓની પદ્ધતિ અંગેની જાણકારી મળી રહે તે હેતુસર રાજ્યના દરેક જિલ્લામાં એક દિવસના જનજાગૃતિ અને અભિપ્રેરિત કરવા માટેના તાલીમ કાર્યક્રમનું આયોજન કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

૨. રાજ્ય સરકારમાં ચાલુ વર્ષે જુદા જુદા વિભાગોમાં ભરતી માટે અંદાજીત કુલ મળીને સૂચિત જગ્યાઓ ૪૩,૦૬૪ છે જે માટે રાજ્યના યુવાધનને વધુને વધુ પ્રોત્સાહિત તથા જાગૃત કરવાનો મુખ્ય ઉદ્દેશ ધ્યાને લઇને પુખ્ત વિચારણાના અંતે રાજ્ય સરકારની કચેરીઓમાં ખાલી પડનાર સંભવિત જગ્યાઓ ઉપર ભરતી કરવા માટે લેવાનાર પરીક્ષાઓ માટે દરેક કલેક્ટરશ્રી દ્વારા નીચે મુજબની કાર્યપદ્ધતિ અનુસાર તાલીમ કાર્યક્રમનું આયોજન કરવાનું ઠરાવે છે.

૩. આ તાલીમ કાર્યક્રમના નિરીક્ષણ અને માર્ગદર્શન માટે નીચેના સભ્યોની સમિતિ બનાવવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | જે તે જિલ્લાના કલેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | જે તે જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રી | ઉપાધ્યક્ષશ્રી |
| ૩ | જે તે જિલ્લાના પોલીસ અધિક્ષકશ્રી | સભ્યશ્રી |
| ૪ | જે તે જિલ્લાના જિલ્લા રોજગાર અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |

૪. આ તાલીમ કાર્યક્રમ જે તે જિલ્લામાં સવારે ૧૦.૦૦ કલાક થી સાંજે ૧૭.૦૦ કલાક સુધીનો રહેશે.

૫. આ તાલીમ કાર્યક્રમનું આયોજન દરેક જિલ્લામાં સર્વગ્રાહી કરવાનું હોવાથી 'સ્પીપા' તથા જિલ્લા કલેક્ટરશ્રીના .સહિયારા પ્રયાસથી કરવાનું રહેશે. જેમાં 'સ્પીપા' અને જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા નીચે મુજબની કાર્યપદ્ધતિ અનુસરવાની રહેશે.

૬. <u>કલેક્ટરશ્રી કક્ષાએ કરવાની થતી કામગીરી</u>

(૬.૧) તાલીમ કાર્યક્રમના નિરીક્ષણ અને માર્ગદર્શન માટે સમિતિ અને તાલીમનું આયોજન કરવા સહિતની તમામ કાર્યવાહી જે તે જિલ્લાના કલેક્ટરશ્રીએ કરવાની રહેશે.

(૬.૨) તાલીમમાં ટ્રેનર તરીકે સંવર્ગવાર આ કામગીરીના નિષ્ણાત વ્યક્તિને ઓળખી કાઢવા. ટ્રેનર તરીકે સરકારી નોકરીમાં હોય તેવા જાણકાર અને અનુભવી શિક્ષક/પ્રોફેસર અથવા જે તે સંવર્ગમાં નિવૃત્ત થયેલ અધિકારીઓનો સમાવેશ થઇ શકે છે. આ માટે 'સ્પીપા'ના ડિસ્ટ્રિક્ટ ટ્રેનિંગ સેંટરના ફેકલ્ટી મેમ્બર ઉપયોગી બની રહેશે.

(૬.3) કલેક્ટરશ્રી દ્વારા સૌ પ્રથમ તાલીમ આપનાર નિષ્ણાતોની યાદી સંવર્ગવાર તૈયાર કરાવવી. જિલ્લાવાર ઓછામાં ઓછા આવા પાંચ નિષ્ણાતોની યાદી 'સ્પીપા', અમદાવાદને ૧૫ દિવસમાં મોકલી આપવી.

(૬.૪) કલેક્ટરશ્રીએ ૧૫ દિવસમાં આવા નિષ્ણાતોના નામ નક્કી કરવાના રહેશે.

(૬.૫) દરેક જિલ્લામાં આવા ઓછામાં ઓછા પાંચ નિષ્ણાતોની યાદી બનાવવી અને તેઓને માનદવેતન સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થાના ધોરણે ચુકવવાનું રહેશે.

(૬.૬) દરેક જિલ્લામાં જે તે સંવર્ગવાર એક દિવસનો તાલીમ કાર્યક્રમ જિલ્લા કક્ષાએ યોજવાનો રહેશે. (દા.ત. તલાટીની જગ્યાએ ભરતી માટે તલાટીની ભરતી પદ્ધતિની તાલીમ)

(૬.૭) દરેક જિલ્લામાં બધા સંવર્ગના જિલ્લા કક્ષાનો એક દિવસનો તાલીમ કાર્યક્રમનો રાઉન્ડ પૂર્ણ થાય ત્યારબાદ જે તે જિલ્લાના તાલુકાવાર એક પરિસંવાદ યોજવાનો રહેશે. આ પરિસંવાદમાં જિલ્લા કક્ષાના તાલીમ કાર્યક્રમમાં તાલીમ મેળવી ચુકેલ જે તે તાલુકાના તાલીમાર્થીને અચૂક હાજર રાખી તેને અડધા દિવસની તાલીમ આપવી અને અડધો દિવસ તેની મોક પરીક્ષા(Mock Test) લેવી. આ મોક પરીક્ષાનું પરિણામ તાલુકાના મુખ્ય મથકે મુકવાનું રહેશે.

(૬.૮) જિલ્લામાં તાલીમ કાર્યક્રમમાં મહત્તમ યુવાનો/યુવતીઓ હાજર રહીને તાલીમ મેળવે તે સુનિશ્ચિત કરવું.

(૬.૯) તાલીમ અંગેની જાણકારી વધુમાં વધુ યુવાનો/યુવતીઓ સુધી પહોંચે તે માટે કેબલ ટી.વી. અને સ્થાનિક વર્તમાનપત્રમાં જાહેર નિવિદા આપવાની રહેશે, જેથી કોઇપણ સંભવિત ઉમેદવાર તાલીમથી વંચિત ન રહે.

(૬.૧૦) દરેક યુવાનો/ યુવતીઓનું પરિસંવાદ શરૂ થવાના બે કલાક પહેલાં નામ, સરનામું, શૈક્ષણિક લાયકાત, ફોન નંબર, ઇ મેલ આઇ.ડી. જેવી વિગતો સહ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જેના માટે જરૂરી સંખ્યામાં રજીસ્ટ્રેશન કાઉન્ટર રાખવાના રહેશે અને તેનો રેકર્ડ રાખવાનો રહેશે.

(૬.૧૧) તાલીમના સ્થળે પબ્લીક એડ્રેસ સિસ્ટમ, એલ.સી.ડી., પંખા, પીવાનું પાણી, ચા-નાસ્તા જેવી જરૂરી સગવડો રાખવાની રહેશે.

(૬.૧૨) 'સ્પીપા' દ્વારા સંવર્ગવાર જગ્યાની પરીક્ષા પદ્ધતિ, અભ્યાસક્રમ, સાહિત્યનાં પાંચ સેટ મળ્યા બાદ જરૂર જણાયે તેની નકલો કરાવીને ઉપયોગ કરી શકાશે.

(૬.૧૩) સફળતાપૂર્વક તાલીમ મેળવે તેઓને કલેક્ટરશ્રી દ્વારા પ્રશસ્તિ પત્ર આપવામાં આવશે.

## ૭. <u>'સ્પીપા' દ્વારા કરવાની થતી કામગીરી</u>

(૭.૧) જિલ્લા કલેક્ટરશ્રીઓ તરફથી માસ્ટર ટ્રેનર્સની યાદી મળ્યેથી, માસ્ટર ટ્રેનર્સને ૩ દિવસની સર્વ સામાન્ય તાલીમ 'સ્પીપા'એ આપવાની રહેશે જેમાં, રિક્રુટમેન્ટની પદ્ધતિ, જે તે પરીક્ષાનો અભ્યાસક્રમ, જરૂરી સાહિત્ય 'સ્પીપા' દ્વારા આપવામાં આવશે. જે તે જિલ્લાને આવા પાંચ સેટ 'સ્પીપા' આપશે.

(૭.૨) 'સ્પીપા' દ્વારા માસ્ટર ટ્રેનર્સને તાલીમ આપવાની પ્રક્રિયા ૧૫ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે.

(૭.૩) 'સ્પીપા' દ્વારા ગુજરાત જાહેર સેવા આયોગ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના ભૂતપૂર્વ સભ્યો તેમજ બહારના નિષ્ણાતો, નિવૃત્ત સરકારી અધિકારી વગેરેની ફેકલ્ટી દ્વારા તાલીમ આપવાની રહેશે.

(૭.૪) દરેક સંવર્ગની જગ્યા ભરવા માટેની પરીક્ષા પદ્ધતિ, કાર્યપદ્ધતિ, તેનો અભ્યાસક્રમ 'સ્પીપા' દ્વારા જે તે જિલ્લા કલેક્ટરશ્રી અને જે તે સંવર્ગના માસ્ટર ટ્રેનર્સને પુરો પાડવાનો રહેશે.

(૭.૫) આ તાલીમના સરળ સંચાલન માટેની માર્ગદર્શક સુચનાઓ સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ દ્વારા આપવામાં આવશે.

૮. **શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આ તાલીમ યોજવા માટે દરેક જિલ્લાને રૂ. ૧૦ (દસ) લાખની ગ્રાંટ જે તે જિલ્લાના કલેક્ટરશ્રીને ફાળવી આપવાની રહેશે. તેઓએ આ ગ્રાંટ જે તે જિલ્લાના ડી.ટી.સી.ના અકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે અને એ અંગેનો હિસાબ 'સ્પીપા' અને શ્રમ અને રોજગાર વિભાગને મોકલવાનો રહેશે. 'સ્પીપા', અમદાવાદને રૂ. ૨૦ (વીસ) લાખની ગ્રાંટ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ફાળવી આપવાની રહેશે. તે અંગેનો હિસાબ 'સ્પીપા'એ શ્રમ અને રોજગાર વિભાગને મોકલવાનો રહેશે.**

૯. ઉપર્યુક્ત સમગ્ર પ્રક્રિયાનું **સમયપત્રક** નીચે મુજબ રહેશે.

(૯.૧) તા.૧૫-૦૫-૨૦૧૬ સુધીમાં સંવર્ગવાર માસ્ટર ટ્રેનર્સના નામ નક્કી કરી તેની યાદી (જિલ્લા દીઠ લઘુત્તમ પાંચ નામ) 'સ્પીપા'ને જે તે જિલ્લા કલેક્ટરશ્રીએ મોકલી આપવી.

(૯.૨) આવી યાદી મળ્યેથી સંવર્ગવાર માસ્ટર ટ્રેનર્સની તાલીમની પ્રક્રિયા 'સ્પીપા' દ્વારા તા.૦૭-૦૬-૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

(૯.૩) તા.૧૫-૦૬-૨૦૧૬ થી તા.૧૫-૦૭-૨૦૧૬ દરમ્યાન રાજ્યના સમગ્ર જિલ્લામાં સંવર્ગવાર ભરતી માટેના જિલ્લા કક્ષાના તાલીમ કાર્યક્રમ યોજવાના રહેશે.

(૯.૪) તા.૧૬-૦૭-૨૦૧૬ થી તા.૩૧-૦૭-૨૦૧૬ સુધીમાં જે તે જિલ્લાના તાલુકામાં તાલીમ પરિસંવાદ યોજવાના રહેશે.

(૯.૫) જિલ્લા દીઠ સંવર્ગવાર તાલીમ કાર્યક્રમમાં પ્રથમ આવનાર બે વ્યક્તિનું અને જિલ્લાના માસ્ટર ટ્રેનર્સનું સન્માન તા.૧૫-૦૮-૨૦૧૬ ના રોજ 'સ્વાતંત્ર્ય દિન' ની ઉજવણીમાં હાજર રહેનાર માનનીય મંત્રીશ્રીની હાજરીમાં કરવાનું રહેશે. તાલુકા કક્ષાએ આ સન્માન માટે તાલુકા દીઠ એક વ્યક્તિ (તાલુકા

પરિસંવાદમાં અડધા દિવસની તાલીમ અને મોક પરીક્ષા દ્વારા તેની પસંદગી કરવાની રહેશે) ની પસંદગી કરવાની રહેશે.

(૯.૬) સમગ્ર કાર્યક્રમ/ ભરતી પરીક્ષાની તાલીમ પ્રક્રિયાની કામગીરી <u>ત્રણ માસ</u> (તા.૧૫-૦૮-૨૦૧૬ સુધીમાં) માં પૂર્ણ કરવાની રહેશે.

બિડાણ : એનેક્ષ્ચર-૧

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ભરત બી.પટેલ)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

-+ મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- ડાયરેક્ટર જનરલશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, ઇસરો સામે, સેટેલાઇટ, અમદાવાદ. (હાલ- પ્રાદેશિક તાલીમ કેંદ્ર,અમદાવાદ-પ્રહલાદનગર, કોર્પોરેટ રોડ, બોડકદેવ, અમદાવાદ)
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (તમામ જિલ્લા રોજગાર અધિકારીશ્રીને જરૂરી કાર્યવાહી કરવા સુચના આપવા તથા જરૂરી કાર્યવાહી અર્થે.)
-+ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
-+ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ. અમદાવાદ
-+ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
-+ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
-+ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર
-+ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

(

- સર્વે કલેક્ટરશ્રી/ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી/ સર્વે પોલીસ અધિક્ષકશ્રી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- સર્વે જિલ્લા રોજગાર અધિકારીશ્રી
- સિલેક્ટ ફાઇલ

---

+ પત્ર દ્વારા

સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક : તલમ-૧૫૨૦૧૬/૩૬૦/વસુતાપ્ર-૩ ૧૫/પ.રિ

તા. ૦૪/૦૫/૨૦૧૬ નું એનેક્ષર-૧.

| રાજ્ય સરકારમાં ચાલુ વર્ષે ભરતી માટેની સુચિત જગ્યાઓની માહિતી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વિભાગનું નામ | જગ્યાનું નામ | સંખ્યા | વિભાગવાર સંખ્યા |
| ૧ | ગૃહ વિભાગ | પોલિસ ઇન્સ્પેક્ટર | 219 | 15860 |
| | | પોલિસ સબ ઇન્સ્પેક્ટર | 750 | |
| | | અસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર | 1200 | |
| | | પોલિસ કોન્સ્ટેબલ (અનઆર્મડ) | 8800 | |
| | | પોલિસ કોન્સ્ટેબલ (આર્મડ) | 1700 | |
| | | આર્મડ કોન્સ્ટેબલ - SRPF | 3191 | |
| ૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | આસિસ્ટન્ટ ટીચર (ડેવલપિંગ કાસ્ટ) | 133 | 133 |
| 3 | શિક્ષણ વિભાગ | GES ક્લાસ-૨ (વહીવટી શાખા) | 285 | 3080 |
| | | ઉચ્ચ પ્રાથમિક શિક્ષક | 2000 | |
| | | હેડ ટીચર | 500 | |
| | | તાલુકા પ્રાઇમરી ટીચિંગ ઓફિસર | 124 | |
| | | જુનિયર ક્લાર્ક | 171 | |
| ૪ | પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિકાસ વિભાગ | સ્ટાફ નર્સ | 555 | 6492 |
| | | કમ્પાઉન્ડર (ફાર્માસિસ્ટ) | 198 | |
| | | તલાટી કમ મંત્રી | 1240 | |
| | | ફીમેલ હેલ્થ વર્કર | 1512 | |
| | | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | 2849 | |
| | | અધિક મદદનીશ ઇજનેર | 138 | |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | રેડિઓલોજિસ્ટ | 49 | 3298 |
| | | ફિજીશિયન | 184 | |
| | | ડેન્ટલ સર્જન | 160 | |
| | | | 138 | |
| | | ગાયનેકોલોજિસ્ટ | 261 | |
| | | જનરલ સર્જન | 164 | |
| | | પેડિયાટ્રિશિયન | 146 | |
| | | મેડિકલ ઓફિસર | 1541 | |
| | | જુનિયર ફાર્માસિસ્ટ | 107 | |
| | | એક્સ-રે ટેક્નિશિયન | 134 | |
| | | લેબ. ટેકનિશિયન | 118 | |
| | | ફિઝિઓથેરાપિસ્ટ | 296 | |
| ૬ | સામાન્ય વહીવટ વિભાગ | GAS વર્ગ ૧ અને સિવિલ સર્વિસીઝ વર્ગ ૧ & ૨ | 460 | 1601 |
| | | નાયબ સેક્શન અધિકારી | 318 | |
| | | નાયબ સેક્શન અધિકારી | 454 | |
| | | કચેરી મદદનીશ | 369 | |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર | 1415 | 1868 |
| | | આસિસ્ટન્ટ સ્ટોર કીપર | 250 | |
| | | જુનિયર ક્લાર્ક (રોજગાર અને તાલીમ નિયામકમાં) | 203 | |
| ૮ | વન અને પર્યાવરણ વિભાગ | વન સંરક્ષક | 1567 | 1795 |
| | | જુનિયર ક્લાર્ક | 228 | |
| ૯ | આદિજાતી વિકાસ વિભાગ | મદદનીશ આદિજાતી વિકાસ અધિકારી | 177 | 177 |
| ૧૦ | માર્ગ અને મકાન વિભાગ | મદદનીશ ઇજનેર (સિવિલ) | 273 | 398 |
| | | અધિક મદદનીશ ઇજનેર (સિવિલ) | 125 | |
| ૧૧ | નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | મદદનીશ ઇજનેર | 916 | 1054 |
| | | અધિક મદદનીશ ઇજનેર | 138 | |

| રાજ્ય સરકારમાં ચાલુ વર્ષે ભરતી માટેની સુચિત જગ્યાઓની માહિતી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વિભાગનું નામ | જગ્યાનું નામ | સંખ્યા | વિભાગવાર સંખ્યા |
| ૧૨ | કૃષિ અને સહકાર વિભાગ | કૃષિ મદદનીશ | 160 | 900 |
| | | લાઇવસ્ટોક ઇન્સ્પેક્ટર | 400 | |
| | | વેટેરનરી અધિકારી | 120 | |
| | | જુનિયર ક્લાર્ક in commissionerate of co-operative societies | 220 | |
| ૧૩ | મહેસૂલ વિભાગ | મહેસૂલ તલાટી | 2560 | 4415 |
| | | નાયબ મામલતદાર | 400 | |
| | | નાયબ મામલતદાર | 200 | |
| | | સર્વેયર | 600 | |
| | | સિનિયર સર્વેયર (વર્ગ-3) | 115 | |
| | | કલેક્ટર ઓફિસમાં જુનિયર, ક્લાર્ક | 540 | |
| ૧૪ | નાણા વિભાગ | કોમર્શિયલ ટેક્ષ અધિકારી | 131 | 954 |
| | | અકાઉન્ટન્ટ અધિકારી (વર્ગ-૨) | 150 | |
| | | સબ અકાઉન્ટન્ટ | 375 | |
| | | અકાઉન્ટન્ટ | 130 | |
| | | જુનિયર ક્લાર્ક in commissionerate of commercial tax | 168 | |
| ૧૫ | કાયદા વિભાગ | મદદનીશ પબ્લિક પ્રોસીક્યુટર | 554 | 554 |
| ૧૬ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | મદદનીશ મોટર વિહીકલ ઇન્સ્પેક્ટર | 155 | 305 |
| | | મોટર વિહીકલ ઇન્સ્પેક્ટર | 150 | |
| ૧૭ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | પ્લાનિંગ આસિસ્ટન્ટ | 180 | 180 |
| | કુલ | | 43064 | 43064 |